દિવ્ય ભાસ્કર ભુજ 03-02-2026

# બન્ની વિસ્તારની કારીગરોને ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ અપાઈ

## ઉદ્યોગ શરૂ કરવા અને સંચાલન માટે જરૂરી પ્રક્રિયાઓની માહિતી અપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભુજ



સેવા ઇન્ટરનેશનલ ભારત દ્વારા બન્ની વિસ્તારની 30 કારીગરોને ઉદ્યોગસાહસિકતા વિકાસ તાલીમ આપવામાં આવી હતી. ઓરકલના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં કારીગરોને ટેલરિંગ અને એમ્બ્રોઇડરીની તાલીમ પૂર્ણ થયા બાદ ઉદ્યોગસાહસિકતા વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ દરમિયાન ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થા, ભારત (EDII) ની નિષ્ણાત હેતલબેન ખેર દ્વારા ઉદ્યોગ શરૂ કરવા અને સંચાલન માટે જરૂરી પ્રક્રિયાઓ, બજાર વ્યવસ્થા, ગ્રાહક માંગ–પુરવઠો, સ્પર્ધા, વ્યવસાય માટે જરૂરી લાઇસન્સ અને નોંધણી તેમજ બેન્ક લોન અને વિવિધ સરકારી સહાય યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. ભારતીબેન ગરવા દ્વારા સ્વ સહાય જુથ અને ધિરાણ અંગે માહિતી આપવામાં આવી હતી. સેવા ઇન્ટરનેશનલ ભારતના સ્ટેટ મેનેજર મહેન્દ્ર ભાનાણી એ આગામી સમયમાં કારીગર બહેનોને સ્વ સહાય જુથની રચના, ઉદ્યમ રજીસ્ટ્રેશન અને કારીગર કાર્ડ ના કાર્ય નો આયોજન અને જરૂરી ડોક્યુમેન્ટ અંગે જાણકારી આપી હતી આ કાર્યક્રમનું સમગ્ર વ્યવસ્થાપન નિતિનભાઈ ગરવા દ્વારા સંભાળવામાં આવ્યું.